# રાજકોટ મહાનગરપાલિકા

**રેસકોર્ષ સંકુલ સ્થિત ગ્રાસ ફુટબોલ ગ્રાઉન્ડ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચિંગના હેતુ માટે ભાડેથી આપવા અંગેનું ટેકનીકલ બીડ**

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડર ભરનારનું પુરૂ નામ:- | | |
| ૨ | ટેન્ડર ભરનારનું પુરૂ સરનામું:- | | |
| ૩ | વ્યક્તિ/સંસ્થા/એકેડમીનું પુરૂ નામ:- | | |
| ૪ | વ્યક્તિ/સંસ્થા/એકેડમીનું પુરૂ સરનામું:- | | |
| ૫ | ટેન્ડરરના કોન્ટેક્ટ નંબરની વિગત:- | મોબાઈલ નંબર: | |
| | | ઓફીસ નંબર: | |
| | | રેસીડેન્સ નંબર: | |
| ૬ | મુખ્ય કોચનું પુરૂ નામ તથા લાયકાત (લાયકાત માટે જુઓ શરત નં.૧૬) | | |

**રેસકોર્ષ સંકુલ સ્થિત ગ્રાસ ફુટબોલ ગ્રાઉન્ડ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચિંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરની શરતો તથા નિયમો :**

1. ગ્રાઉન્ડનું પ્રતિ વર્ષનું અપસેટ ભાડું રૂ.૧,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ વીસ હજાર પુરા) રહેશે.
2. સિક્યોરીટી ડીપોઝીટ મંજુર થયેલ ભાડાની રકમના ૦૫% રહેશે. જે રાજકોટ મહાનગરપાલિકા જોગ ડીમાન્ડ ડ્રાફ્ટ કે ફિકસ્ડ ડીપોઝીટના સ્વરૂપમાં આપવાની રહેશે.



ટેન્ડરરનું નામ : ............................................ ટેન્ડરરની સહી : ......................................

3. શરતી ભાવ સ્વીકારવામાં આવશે નહિ. અપસેટ ભાવથી નીચે ભાવ ભરનારનું ટેન્ડર રદ્દ કરવામાં આવશે.
4. કોચિંગ માટે ગ્રાઉન્ડ ૦૨(બે) વર્ષ માટે ભાડે આપવામાં આવશે.
5. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખવા અંગે એક કરતા વધુ અરજીઓ આવ્યેથી મહત્તમ ભાવ(H1) ભરનારને ગ્રાઉન્ડ ભાડે આપવામાં આવશે. મહત્તમ ભાવ(H1) ભરનારને ગ્રાઉન્ડ ભાડે આપવામાં આવશે. જે ટેન્ડરરના ટેકનીકલ બીડ કવોલીફાઇ થશે તેના જ પ્રાઇસ બીડ ઓપન કરવામાં આવશે.
6. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખનારે ભાવ મંજુર થયે રાજકોટ મહાનગરપાલિકા જોગ કરારનામું સ્વખર્ચે કરી આપવાનું રહેશે.
7. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખનારે ભાડું એડવાન્સ ચેકથી કુલ ભાડાની રકમના ૦૨(બે) સરખા ભાગમાં ભરવાનું રહેશે. આ એડવાન્સ ચેક તથા સિક્યોરીટી ડિપોઝિટનો ચેક તથા કરારનામું જમા કરાવ્યા બાદ જ વર્ક ઓર્ડર મળવાપાત્ર થશે.
8. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખનાર સંસ્થા ગ્રાઉન્ડનો ઉપયોગ સવારે ૦૭:૦૦ કલાકથી ૧૧:૦૦ કલાક સુધી તથા બપોરે ૦૪:૦૦ કલાકથી રાત્રે ૦૮:૦૦ કલાક દરમિયાન જ કરી શકશે. આ સમય કોઇ પણ સંજોગોમાં ફેરવી શકાશે નહિ.
9. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખનાર તથા તેમાં તાલીમ આપનાર કોઇ પણ વ્યક્તિ/સંસ્થા/એકેડમી વિગેરેનો ગ્રાઉન્ડની માલિકી અંગેનો કે રાજકોટ મહાનગરપાલિકામાં કોઇ પણ રીતે નોકરી કે અન્ય કોઇ પણ બાબત અંગેનો હકક પ્રસ્થાપિત થઇ શક્શે નહિ.
10. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખનાર વ્યક્તિ/સંસ્થા/એકેડમી પોતે જ આ ગ્રાઉન્ડનો ઉપયોગ કરી શકશે. ગ્રાઉન્ડ પેટા ભાડેથી આપી શકાશે નહિ. એટલેકે ભાડે રાખનાર સિવાય ગ્રાઉન્ડનો ઉપયોગ અન્ય કોઇપણ વ્યક્તિ/સંસ્થા/એકેડમી કરી શકશે નહિ.
11. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખનાર ગ્રાઉન્ડ ખાતે કોમર્શીયલ જાહેરાત (પોતાના વ્યક્તિ/સંસ્થા/એકેડમીના બેનર સિવાયના) કરવા માંગતા હોય તો રૂ.૫૦૦/- પ્રતિદિન/પ્રતિ બેનર અલગથી ચૂકવવાના રહેશે. આ જાહેરાત કાનુની રીતે નિષેધાત્મક અને સુરૂચિનો ભંગ ન થાય તેવી હોવી જોઇએ.
12. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખનાર ગ્રાઉન્ડ પરિસર ખાતે જાહેરાત કરે તે કિસ્સામાં, જાહેરાતની કુલ આવક પૈકીની ૫૦% રકમ રાજકોટ મહાનગરપાલિકાને ચુકવવાની રહેશે.

**રેસકોર્ષ સંકુલ સ્થિત ગ્રાસ ફુટબોલ ગ્રાઉન્ડ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચિંગના હેતુ માટે ભાડેથી આપવા અંગેનું ટેકનીકલ બીડ**

13. મેચ/ટુર્નામેન્ટ દરમિયાન કેન્ટિન કરવા માટે ગ્રાઉન્ડ ભાડે રાખનારે અગાઉ મંજુરી લેવાની થશે. આ કેન્ટિન મેદાન બહાર જ કરી શકાશે.
14. કોચિંગ માટે ભાડે રાખનારે ભાડાની રકમ પર GST તથા સરકારશ્રી દ્વારા વખતો વખત નિયત થયેલ કર-વેરા ચુકવવાના રહેશે. જે ભાડાની નિયત થયેલ રકમ ઉપરાંતના રહેશે.
15. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખનારે કોચિંગ સ્ટાફ પોતાના ખર્ચે રાખવાના રહેશે. સીક્યોરીટી, સફાઇ તથા ગ્રાઉન્ડ મેઇનટેનન્સ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખનાર સંસ્થાએ ગ્રાઉન્ડનું વીજ બીલ ચુકવવાનુ રહેશે. જેમા કસુર થયે નિયમાનુસાર લેટ ચાર્જ ભરવો, વીજ રી-કનેકશન મેળવવુ વિગેરે સ્વખર્ચે લેવુ પડશે.
16. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખનાર વ્યક્તિ/સંસ્થા/એકેડમીએ ફુટબોલ કોચિંગ માટે મુખ્ય કોચ તરીકે નેશનલ પ્લેયર કક્ષાના વ્યક્તિ રાખવાના રહેશે. ઇન્ટર યુનિવર્સીટી અથવા AIFF (ALL INDIA FOOTBALL FEDERATION) દ્વારા આયોજીત ઓપન એઇજની ઇન્ટર સ્ટેટ કક્ષાની ટુર્નામેન્ટ રમેલ હોય તેને નેશનલ ગણવામાં આવશે. આ ટેન્ડર ફોર્મ સાથે મુખ્ય કોચના નેશનલ પ્લેયર હોવા અંગેના સર્ટીફિકેટ સામેલ રાખવાના રહેશે. તેમજ ટેન્ડરર ૦૨ વર્ષ કે તેથી વધુ સમય માટે ફુટબોલ કોચિંગનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.
17. ગ્રાઉન્ડનો ઉપયોગ કરતી વખતે વ્યક્તિને કોઈપણ ઈજા/નુકસાન કે જાનહાનિ ન થાય તેની કાળજી ટેન્ડર ભરનારે રાખવાની રહેશે. તેમજ તમામ જવાબદારી ટેન્ડર ભરનારની રહેશે. રાજકોટ મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.
18. ગ્રાઉન્ડ ભાડે રાખનારે, ખેલાડીએ નિયત ક્વોલીટીના શુઝ પહેરેલ સભ્યોને જ ગ્રાઉન્ડ ખાતે પ્રવેશ આપવાનો રહેશે.
19. ગ્રાઉન્ડનો ઉપયોગ કરતી વખતે ગ્રાઉન્ડ પરિસરમાં આવેલ કોઇપણ વસ્તુને નુકશાન/અડચણ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. આવું થયે ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તથા તફાવતની રકમ નિયમાનુસાર વસુલ કરવામાં આવશે.
20. ગ્રાઉન્ડ પરિસરમાં કોઈપણ ફૂડ પેકેટ્સ કે અન્ય ફૂડ આઈટમ સાથે લાવી શકાશે નહી. ધુમ્રપાન, પાન, માવા, ફાકી, કેફી દ્રવ્યોનું સેવન નિષેધ રહેશે. આવુ કરવાના કિસ્સામાં કો-ઓર્ડીનેટરશ્રી ગ્રાઉન્ડ ખાલી કરાવશે.

21. રાજકોટ મહાનગરપાલિકાના વખતોવખતના ઠરાવો/હુકમો તથા પરિપત્રોથી નિયત કરાયેલ તથા નિયત કરવામાં આવનાર તમામ નિયમો ગ્રાઉન્ડ ભાડે રાખનારને બંધનકર્તા રહેશે જેનો ભંગ થયે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.
22. રાજકોટ મહાનગરપાલિકા તરફથી સુચના મળ્યે ગ્રાઉન્ડ ભાડે રાખનારે, ગ્રાઉન્ડ રાજકોટ મહાનગરપાલિકા સુચવે તેને ફાળવવાના રહેશે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા કોઇ વળતર ચુકવશે નહી અને અન્ય કોઇ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપશે નહી તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મેઇન્ટેનન્સ માટે સુચવેલ દિવસે ગ્રાઉન્ડનો ઉપયોગ કરી શકાશે નહિ.
23. કોચિંગ માટે ગ્રાઉન્ડ ભાડે રાખનારે ગ્રાઉન્ડ ખાતે કોઇપણ ટુર્નામેન્ટ યોજતા પુર્વે કમિશનરશ્રી કક્ષાએ મંજુરી લેવાની રહેશે.
24. મેચ/ટુર્નામેન્ટ વિગેરે દરમિયાન આયોજક દ્વારા, પ્રેક્ષકો માટે પ્રવેશ ફી રાખવામાં આવી હશે તો પ્રત્યેક દિવસની પ્રવેશ ફી ની કુલ આવકના ૧૫% રકમ ગેઇટમની તરીકે નિયત ભાડું તથા ડીપોઝીટની રકમ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાને અલગથી ચુકવવાની રહેશે.
25. રાજકોટ મહાનગરપાલિકા સિવાયની અન્ય કોઈ સરકારી/અર્ધસરકારી કચેરીની આનુષંગિક મંજુરી આયોજકે પરભારે અને સ્વખર્ચે અચુકપણે લેવાની રહેશે આ બાબતે રાજકોટ મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેશે નહિ.
26. મેચ/તાલીમ દરમિયાન ખેલાડી, કોચ અથવા આયોજક સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ ગ્રાઉન્ડમાં પ્રવેશ કરી શકશે નહિ.
27. ગ્રાઉન્ડની ફાળવણી અથવા અન્ય કોઈપણ બાબતે વાદ-વિવાદ, તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થયે કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે. આ અંગેનું ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.
28. ગ્રાઉન્ડ ભાડે રાખનાર સંસ્થાએ ખેલાડીઓ તથા કોચને આઇ-કાર્ડ આપવાના રહેશે. જે ખેલાડીઓ તથા કોચે ફરજિયાતપણે સાથે રાખવાના રહેશે.
29. કરારનો સમય પૂર્ણ થયે સંસ્થાએ ફુટબોલ ગ્રાઉન્ડનો શાંત નિર્ભય કબજો રાજકોટ મહાનગરપાલિકાને પરત કરવાનો રહેશે. જે બાદ ડીપોઝીટ પરત કરવામાં આવશે.
30. આ માટે પ્રી-બીડ મીટીંગ તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ ડી.એમ.સી.શ્રી ની કચેરી શ્રી આંબેડકર ભવન, ઢેબર રોડ, રાજકોટ ખાતે સવારે ૧૧:30 કલાકે યોજાશે.



ટેન્ડરરનું નામ : ..................................................   ટેન્ડરરની સહી : ..........................................

**રેસકોર્ષ સંકુલ સ્થિત ગ્રાસ ફુટબોલ ગ્રાઉન્ડ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચિંગના હેતુ માટે ભાડેથી આપવા અંગેનું ટેકનીકલ બીડ**

31. આ કામનુ ટેન્ડર તા.૨૧/૦૨/૨૦૨૫ થી તા.૧૭/03/૨૦૨૫ ના સાંજે ૫:00 કલાક સુધી www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. ફોર્મ ડાઉનલોડ કર્યા બાદ રૂ. ૧,૧૨૫/- (અંકે રૂપિયા એક હજાર એકસો પચીસ પુરા) નો **રાજકોટ મહાનગરપાલિકા** જોગ કઢાવેલ ટેન્ડર ફી પેટેનો ડી.ડી ટેન્ડર ફોર્મ સાથે સામેલ રાખવાનો રહેશે. અન્યથા ટેન્ડર ફોર્મ રદબાતલ ગણાશે.
32. ટેન્ડર ફોર્મ સાથે રૂ.૨૦,૦૦૦/- ની રકમનો **રાજકોટ મહાનગરપાલિકા”** જોગ કઢાવેલ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટેનો ડી.ડી સામેલ રાખવાનો રહેશે. અન્યથા ટેન્ડર ફોર્મ રદબાતલ ગણાશે.

33. ટેન્ડર ફોર્મ સાથે સામેલ રાખવાના ડોકયુમેન્ટની વિગત :
    1. ટેન્ડર ફી રૂ.૧,૧૨૫/- ની રકમનો ડી.ડી
    2. રૂ.૨૦,૦૦૦/- ની રકમનો ડી.ડી.
    3. પાન કાર્ડની નકલ
    4. આધાર કાર્ડની નકલ
    5. બેંક પાસબુકની ઝેરોક્ષ
    6. મુખ્ય કોચના સર્ટીફીકેટની નકલ
    7. એકેડમી કોચિંગના ૦૨ વર્ષના અનુભવની નકલ
    8. પ્રોફેશનલ ટેક્ષ ભર્યાની પાવતી (ચાલુ નાણાકીય વર્ષ)
    9. શોપ લાયસન્સની નકલ (જો લાગુ પડતુ હોય તો)
    10. ઓફીસ એડ્રેસનો પુરાવો(હોય તો)
    11. GST રજીસ્ટ્રેશનનો પુરાવો (જો લાગુ પડતુ હોય તો)
    12. પાર્ટનરશીપ ડીડની નકલ (જો લાગુ પડતુ હોય તો)
    13. ઇ.પી.એફ. તથા ઇ.એસ.આઇ.સી.ભર્યાની પાવતી (લાગુ પડે તો)

**<u>** ઉપરોકત તમામ ડોકયુમેન્ટ સ્વપ્રમાણિત (SELF ATTESTED) કરીને રાખવાના રહેશે.</u>**

ઉપરોક્ત તમામ બિડાણો સાથેનું ટેકનીકલ બીડ સીલબંધ કવરમાં મોકલી આપવાનું રહેશે. ટેકનીકલ બીડના કવર પર ”રેસકોર્ષ સ્થિત ગ્રાસ ફુટબોલ ગ્રાઉન્ડ કોચિંગના હેતુ માટે ભાડે આપવાના કામના ટેન્ડરનું ટેકનીકલ બીડ” એમ સ્પષ્ટપણે લખવાનું રહેશે.

# રાજકોટ મહાનગરપાલિકા

**રેસકોર્ષ સંકુલ સ્થિત ગ્રાસ ફુટબોલ ગ્રાઉન્ડ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચિંગના હેતુ માટે ભાડેથી આપવા અંગેનું ટેકનીકલ બીડ**

પ્રાઇસ બીડ WWW.NPROCURE.COM પર ભરવાનું રહેશે. પ્રાઇસ બીડ ભરવાની આખરી તારીખ તા.૧૮/03/૨૦૨૫ , સાંજે ૬:00 કલાક રહેશે.

ટેકનીકલ બીડ ઓ.એસ.ડીની કચેરી, શ્રી વીર સાવરકર ઇન્ડોર સ્ટેડિયમ, રેસકોર્ષ રીંગ રોડ, રાજકોટ ખાતે તા.૨0/03/૨૦૨૫ સુધીમાં સીલબંધ કવરમાં ઓફીસ અર્વસ દરમિયાન ફકત સ્પીડપોસ્ટ/રજી.એ.ડી. દ્વારા રજુ કરવાના રહેશે. ટેકનીકલ બીડ તા.૨૪/03/૨૦૨૫ ના રોજ બપોરે ૧૧:30 કલાકે ડી.એમ.સી.શ્રી ની કચેરી, શ્રી આંબેડકર ભવન, ઢેબર રોડ, રાજકોટ ખાતે ખોલવામાં આવશે. જે ટેન્ડરરના ટેકનીકલ બીડ કવોલીફાઇ થશે તેમના જ પ્રાઇસ બીડ તા.૨૫/03/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:00 કલાકે ખોલવામાં આવશે.

હું નીચે સહી કરનાર શ્રી .................................................................................................. આ સાથે સામેલ ઉપરોકત તમામ શરતો અને નિયમો ( 0૧ થી 33) વાંચી, તમામ બાબતો જોઇ, વિચારી તથા સમજી ગ્રાસ ફુટબોલ ગ્રાઉન્ડ ભાડે લેવા બંધાઉ છું. જે બદલ નીચે સહી કરી આપુ છું.

| | |
|---|---|
| ટેન્ડર ભરનારની સહી: | |
| ટેન્ડર ભરનારનું નામ: | |
| ટેન્ડર ભરનારની સંસ્થાનું નામ: | |
| સ્થળ તથા તારીખ : | |



ટેન્ડરરનું નામ : ................................................ ટેન્ડરરની સહી : ........................................